Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-17, Issue-2, September-2023

# જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયોની સમસ્યાઓ

**ચડોખિયા ભુપેન્દ્ર કુમાર. એલ. (Ph.D)**
સમાજશાસ્ત્ર વિભાગ ગુજરાત યુનિવર્સિટી.અમદાવાદ.

**પ્રસ્તાવના :**

માનવ જીવનના ઉત્પત્તિકાળથી માનવ સમુદાયોમાં ઘણા પરિવર્તનો આવેલા છે. પરિવર્તન એક અવિરતપણે ચાલતી પક્રિયા છે. ભારત એક વૈવિધ્ય પૂર્ણ દેશ છે. જેમાં બે પ્રકારના સમુદાયો પોતાનું અસ્તિત્વ ધરાવે છે. એક ગ્રામીણ સમુદાય અને બીજો નગર સમુદાય છે. જે દરેક સમુદાય સમૂહના પોતાના આગવી રેહણી-કરણી અને જીવનશૈલી હોય છે. દરેક સમુદાયને પોતાના પરંપરાગત વ્યવસાય હતો અને તેની પરથી સમુદાયોનુ ગુજરાન ચાલતું.

સમાજના વ્યવસ્થામાં સમુદાયોનું આગવું સ્થાન છે. જ્ઞાતિ અને સમુદાયો ભારતના વિવિધ વિસ્તારોમાં જોવા મળે છે. તેમનો મૂળ પરંપરાગત વ્યવસાય તેમજ ખેતી અને પશુપાલન પાલન છે. ભારતના અલગ-અલગ વિસ્તારમાં વસે છે. આજે સમુદાયોના ઘણા લોકો સમુદાયનો મૂળ વ્યવસાય છોડી અન્ય વ્યવસાયો મેળવવા તરફ વળ્યા છે. અને જે લોકો મૂળ વ્યવસાયમાં છે. તેમણે વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને પોતાની આવકમાં વધારો લગભગ બધાજ જિલ્લામાં અલગ-અલગ સમુદાયોના લોકો જોવા મળે છે. ગ્રામીણ સમુદાયમાં આમતો સમયાંતરે ફેરફારો થતાં રહ્યા છે. પણ છેલ્લા બે દાયકાથી સમુદાયોમાં વિશેષ પરિવર્તનો આવ્યા છે. તેમાં કયાં કારણોસર બદલાવ આવ્યો તે જાણવું અને સમજવું ખુબજ જરૂરી છે. સમુદાયના સામાજિક જીવન અને વિવિધ પાસાંની સમસ્યાઓ પર સામાજિક સંશોધન થાય તે જરૂરી છે.

અહીંયા વસતા સમુદાયોનું મૂળ વતન જેસોર રીંછ અભયારણ્ય છે. તેઓ અહી આવીને વસવાથી તેમની માન્યતાઓ, ભાષા, પરપંરાઓ, ખોરાક પધ્ધતિ, વેશભૂષા ટૂંકમાં કહીએતો તેમની સમગ્ર જીવનશૈલીમાં કેવી સમસ્યાઓ છે. અને કુટુંબજીવનની સમસ્યાઓ, શિક્ષણની સમસ્યાઓ, કૃષિ વિષયક સમસ્યા, રાજકીય વિષયક સમસ્યા, સ્થળાંતર અને વિસ્થાપનની સમસ્યા, સમુદાયના વિકાસ સંબંધિત સમસ્યાઓ, માર્ગ પરિવહન અને સંચાર માધ્યમોની સમસ્યા છે. સમુદાયોએ અહીં ગોઠવવામાં કેવા પ્રકારના અનુકૂલનો કર્યા છે. પ્રક્રિયા દરમ્યાન તેમને કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડયો છે. આ સમગ્ર બાબતોનો અભ્યાસ જરૂરી છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ :-**

કોઈપણ સંશોધન કોઈ હેતુ સાથે હાથ ધરાય છે. આ સંશોધન સમાજના વ્યાવહારિક જીવનની સમસ્યાઓના સામાજિક જીવનના સિદ્ધાંતો રચવા માટે હેતુ રહેલ છે. સામાજિક જીવન અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવા સાથે સંકળાયેલ છે. આ વિસ્તારના સમુદાયોની જીવન અંગે સુધારણા હેતુએ જોવા મળે છે. આવાં સંશોધનો સમુદાયોની સામાજિક નીતિ અને

સમાજના આયોજન ઘડવામાં તેમજ સમુદાયોની સમસ્યાઓ નિવારવામાં અને જીવનના પુનઃનિર્માણ કરવાના કાર્યમાં ઉપયોગી બની શકે છે. તે હેતુથી પ્રેરિત છે.

પ્રસ્તુત અભ્યાસ માટે "જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયોની સમસ્યા વિષય પસંદ કરવામાં આવ્યો છે. રીંછ અભયારણ્ય રેન્જના ડુંગરાળ વિસ્તાર છે. તેના લીધે સમુદાયોમાં અનેક વિવિધ સમસ્યાઓ ઉભી થયેલી જોવા મળી રહે છે. અને તેમાં અમીરગઢ તાલુકાના વન્ય જીવ– રેન્જના કાર્યક્ષેત્રમાં આવતા ગામોમાં મુખ્યત્વે આદિવાસી, ઠાકોર, માળી, રબારી, કોળી ઠાકોર, હરિજન, મુસલા, માજીરાણા ભીલ સમુદાયના લોકો રહે છે. તેના સામાજિક જીવનશૈલીની સમસ્યાઓ, રહેઠાણની સમસ્યાઓ, શૈક્ષણિક સમસ્યાઓ, આરોગ્યની સમસ્યાઓ, વ્યવસાયની સમસ્યાઓ, કૃષિ વિષયક સમસ્યાઓ, સ્થળાંતર અને વિસ્થાપનની સમસ્યાઓ, સમુદાયના વિકાસ સબંધિત સમસ્યાઓ, માર્ગ પરિવહન અને સંચાર માધ્યમની સમસ્યાઓ થકી સંશોધન દ્વારા આ વિસ્તારમાં વસતા સમુદાયોની સમસ્યાઓની જાણકારી ખૂબજ જરૂરી છે. તેમજ આ વિસ્તારમાં વસતા સમુદાયોની સમસ્યાઓ થકી સર્વગ્રાહી જાણકારી માટે પ્રસ્તુત સંશોધન કરેલ છે.

**હેતુઓ** :-

- જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયના સામાજિક જીવનશૈલીના સમસ્યાઓ તપાસવા.
- જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયના રહેઠાણના સમસ્યાઓની જાણકારી મેળવવી.
- જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયના શૈક્ષણિક અને આરોગ્ય વિષયક સમસ્યાઓની જાણકારી મેળવવી.
- જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયના વ્યવસાયના સમસ્યાઓ, કૃષિ વિષયક સમસ્યાઓની જાણકારી મેળવવી.
- સ્થળાંતર અને વિસ્થાપનના સમસ્યાઓ, સમુદાયના વિકાસ સબંધિત સમસ્યાઓ, માર્ગ પરિવહન અને સંચાર માધ્યમના સમસ્યાઓની જાણકારી મેળવવી.

**પરિચય** :-

ગુજરાતમાં જુદા જુદા પરદેશમાં સમુદાયો વસવાટ કરે છે. જેમ કે ઓબીસી સમુદાય અનુ સૂચિત સમુદાય અનુ સૂચિત જન જાતિના સમુદાયો વગેરે. ભારતના બંધારણમાં તેઓ શેડ્યૂલ ટ્રેબલ તરીકે ઓળખાય છે. વસ્તી ગણતરીના આંકડા મુજબ 2011માં ગુજરાત રાજયમાંની વસ્તી 14 ટકા છે. જે બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં વસતા આદિવાસીઓની અન્ય સમુદાયો કરતાં 58 ટકા વસ્તી ધરાવતો વિસ્તાર છે. તેઓ અન્ય સમુદાયોની સરખામણીમાં વિકાસની દ્રષ્ટિએ ઘણા પાછળ છે. તેઓ સમાજમાં અલગ અલગ સામાજિક ઓળખ ધરાવે છે. જેમાં જેસોર

વિસ્તારના આદિવાસી સમુદાયમાં વિવિધ સમસ્યાઓ અસ્તિત્વમાં છે.

બંધારણીય અધિકારો અને માનવ અધિકારો ગુણવત્તા ન્યાયની સ્વતંત્રતા વગેરેને ધ્યાનમાં રાખીને અહી વસનારા સમુદાયોમાં ગરીબી નિરક્ષરતા શોષણ વગેરે જેવી સમસ્યાઓથી પણ જોવા મળે છે. બિનઆદિવાસીઓની સરખામણીમાં આદિવાસી સમુદાયના લોકોને આગળ વધ્યા નથી. તે માત્ર આર્થિક બાબતો સાથે જ નહીં પરંતુ સંસ્કૃતિ તેમજ સામાજિક અલગતા અને આદિવાસીઓ સાથેના સંપર્ક સાથે પણ ગાઢ રીતે જોડાયેલું છે. તે સમસ્યાઓનું નિરાકરણ સમાજના સંસ્થાનવાદી શાસનમાં રહેલું છે. તેથી તેમને ઉકેલવા માટે પગલાં લેવા અત્યંત જરૂરી છે.

**સંશોધન અભ્યાસનું મહત્વ :-**

જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયના સંશોધન દ્વારા સમાજશાસ્ત્રના સિદ્ધાંત અને ખ્યાલોની ચકાસણી કરી શકાય છે. તેમાં સંશોધનથી નવા સિદ્ધાંતો અને ખ્યાલો વિકસાવી શકાય છે. આ અભ્યાસથી સમાજશાસ્ત્ર વિષયમાં વિકાસ માટે ઉપયોગી બને છે. સમાજ વિશેના ભ્રામક ખ્યાલોને દૂર કરી તેમના અંગે વાસ્તવિક સમજ કેળવાય છે.

ઉદારીકરણથી ઔધોગિકરણ અને વૈશ્વિકરણના કારણે સમુદાયમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. પણ પરિવર્તનની સાથે-સાથે અનેક પ્રશ્નોઓ ઉદ્ભવે છે. આ પ્રશ્નો ક્યાં છે. તેના જવાબદાર કારણો ક્યાં કયાં અને તે જાણી તેના નિવારણ માટેના પગલાં લઈ શકાય ? આ અભ્યાસથી જાણકારી મેળવવા તેમજ યોગ્ય દિશામાં માર્ગદશન અને સૂચનો પ્રાપ્ત કરવામાં જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયોનો અભ્યાસ સમાજ માટે ખુબ જ ઉપયોગી છે.

સમુદાયોની સમસ્યાઓ થકી કેવી અસર થઈ છે, તેના દ્વારા કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તે જાણી શકાય છે. અને આવા અભ્યાસથી સરકાર અને સમાજ માં નવી-નવી નીતિઓ ઘડવામાં મદદ રૂપ થાય અને માર્ગદર્શન પૂરું પાડી શકાય છે. જેસોર અભ્યારણ્યમાં વસતા સમુદાયોની સમસ્યાઓના અભ્યાસ દ્વારા સમુદાયોના દસ્તાવેજો લિખિત સ્વરૂપ આપી શકાય છે. આ સંશોધન કાર્ય સામાન્ય વાચક વર્ગ માટે અને ભાવિ વિદ્યાર્થી સંશોધક તેમજ સમાજ અને સ્વૈચ્છિક સંસ્થાને ઉપયોગી બની રહેશે.

જેસોર અભયારણમાં વસતા સમુદાયોઓની વિશેષતાઓ નીચે મુજબ છે:-

- તેમની પાસે ચોક્કસ ભૌગોલિક અને સામાજિક વિસ્તાર છે.
- પહાડી અથવા જંગલ વિસ્તાર પર રહે છે.
- સામાજિક સંબંધોના આધારે એક સંકલિત સામાજિક સંસ્થા.
- તેમની પાસે લોક સાહિત્ય અને લોક-કથા સાથે સામાન્ય બોલી છે.
- પુરુષો અને જૂથો વચ્ચે આંતરિક સંબંધો જોવા મળે છે.
- સમુદાયો વચ્ચે સામાજિક બંધનોનું સગપણ છે.
- જટિલ, ઔપચારિક સંસ્થાનો અભાવ.
- જમીન હોલ્ડિંગનો સામુદાયિક આધાર.

- મૂડીના ઉપયોગ અને માર્કેટ ટ્રેડિંગ પર વધારાના સંચય પર થોડું મૂલ્ય
- જીવનનો આનંદ માણવા તરફનો એક અલગ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ
- સામુદાયિક જૂથ ઘણા પરિવારો અથવા પરિવારોના જૂથના બનેલા સંગઠન તરીકે છે.
- અહી વસનારા કેટલાક સમુદાયોની ભાષા અથવા ભાષા બોલવી કે જેની કોઈ લિપિ નથી.
- જે આદિવાસી જૂથનું એક વિશિષ્ટ નામ છે જેમ કે. ભીલ, ડુંગરી ગરાસિયા.
- આદિવાસી લોકો નિર્ધારિત પ્રદેશમાં રહે છે.
- આદિવાસી જૂથ એ આંતરવિવાહીત જૂથ છે.
- પારસ્પરિક વ્યવહારો શક્ય બનાવવા માટે સામાજિક ધોરણો અને નિષેધ છે. આદિવાસી સંસ્કૃતિ અન્ય જાતિઓથી અલગ છે.
- શ્રમ અને વિનિમયનું વિભાજન અત્યંત દુર્લભ છે. આદિવાસી એક બંધ સમાજ છે. દરેક આદિવાસી સમુદાયનો પોતાનો ધર્મ અને જાદુ તેમજ ધાર્મિક પરંપરા છે.

**આદિવાસી સમુદાયોની વિશેષતાઓ અને સમસ્યાઓ** :-

- જમીન વિમુખતા
- જંગલો અને આદિવાસીઓ અને વિસ્થાપન
- દેવું, ગરીબી અને બેરોજગારી
- આરોગ્ય, પોષણ અને આરોગ્યનો અભાવ

આ લેખમાં જેસોર વિસ્તારમાં વસતા આદિવાસી સમુદાયના લોકોની સમસ્યાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમની આર્થિક પ્રવૃત્તિ અને તેની સાથે જોડાયેલી સમસ્યાઓ તેમજ તેમના જીવન પર પડતી અસરનું પણ વર્ણન કર્યું. બીજું તે આદિવાસી સમાજના સમસ્યાનો પણ ઉલ્લેખ કરાયો છે.

પ્રસ્તુત સંશોધન કાર્યમાં “”જેસોર અભયારણ્યમાં વસતા સમુદાયોની સમસ્યાઓ આ અભ્યાસના વિસ્તાર તરીકે બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના જેસોર અભયારણ્યના રેન્જ હેઠળ આવતા પ્રેદેશના ગામોનો પસંદગી કરવામાં આવેલ છે.

સંશોધન વિષય ભારતીય સમાજના રાષ્ટ્રના વિકાસ અને સામાજિક કલ્યાણની જરૂરિયાતો સાથે સંબંધ ધરાવે છે. આ જરૂરિયાતો બદલાતી રહી છે. આથી સામાજિક સંશોધન વિષયોનો અગ્રતાક્રમ પણ બદલાતો રહ્યો છે. આ સર્વેક્ષણ અહેવાલોના અને તારણો આધારે અહીં સામાજિક સંશોધનના અભ્યાસક્ષેત્ર અને કાર્યક્ષેત્રનું નિરૂપણ કર્યું છે.

**નિષ્કર્ષ** :-

આમ જેસોર અભયારણ્યમાં વસનાર સમુદાયોના વિકાસ માટે સરકારે અનેક વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધર્યા છે. વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં તેમના માટે વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજનાઓ લાંબા ગાળે ફળદાયી છે. આમ સમુદાયઓના સર્વાંગી ઉત્થાન માટે સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

**ઉપસંહાર** :

ગુજરાતમાં અલગ-અલગ સમુદાયોના લોકો વર્ષો પહેલા વસતા હશે તેવું માલૂમ પડે છે. તેઓ ધીરે-ધીરે સમગ્ર ગુજરાતમાં જુદા જુદા વિસ્તારમાં વસતા થયા હશે. ખેતી અને પશુપાલન તેમજ પરંપરાગત વ્યવસાયને લીધે જ્યાં તેઓને જંગલ અને ફળદ્રુપ વિસ્તારના ઘાસચારોના ગૌચરની સગવડ મળી ત્યાં તેમણે વસવાટ કર્યો હતો. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના વિસ્તારમાં પણ આદિ કાળથી વસતા હોવાનું જણાય છે. અમીરગઢ તાલુકાનાં જંગલ વિસ્તારના પ્રદેશમાં ઘેટાં-બકરા, પશુપાલન માટે ઘાસચારાનો ફળદ્રુપ વિસ્તાર હોવાના કારણે આ વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ આદિવાસી સમુદાય, રબારી કોળી, ઠાકોર, માજીરાણા, દરબાર, મુસાલા, દલિત સમુદાય વગેરે સમાજના કુટુંબોએ આ વિસ્તારમાં દુર્ગમ અને છેવાડાના વિસ્તાર અને જંગલના ગામોના વિસ્તારમાં વસવાટ કરેલ છે. તેમજ કેટલાક સમુદાયો સ્થળાંતરીત કરીને આ વિસ્તારમાં તેઓના પડાવ નાંખીને ઘેટાં-બકરા, પશુપાલન સાથેના પરંપરાગત ગણાતો વ્યવસાય સાથે એમનું જીવન નિર્વાહ શરૂ કર્યું હતું. આ વિસ્તાર જંગલી અને ખેતી માટે ઘેટાં-બકરા અને પશુપાલન માટે ચરવા માટે સમૃદ્ધ વિસ્તાર હોવાથી તેમણે પોતાનો પરંપરાગત વ્યવસાય સાથે વળગી રહ્યા છે અને વર્તમાન સમયમાં તેમના બાળકો શિક્ષણ મેળવતા થયા છે. તેના કારણે તેમની જીવનશૈલીમાં પરિવર્તન જોવા મળી રહ્યું છે.

**<u>સંદર્ભ સૂચિ</u>**


1. જાનકી અંધેરીયા, 2000. "*સામુદાયિક સંગઠન એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય*" ટાટા ઇન્સટીટયૂટ, મુંબઈ.
2. કે.ડી ગંગાર્ડે, 1971. "*ભારતમાં સામુદાયિક સંગઠન*" પોપ્યુલર પ્રકાશન, મુંબઈ.
3. N.K Bose 1971 "*Tribal life India*" National Trust India, New Delhi.
4. અનિલ વાઘેલા, "*પ્રાદેશિક સમાજશાસ્ત્ર*" પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
5. નીરા દેસાઈ, 1998, "*ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન*" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.